Date :- 27-02-2025

Gujarat Samachar, Page-03, Surat

## સુરત

# મેટ્રોને સારોલીથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન સુધી લંબાવવા DPR તૈયાર થયો

(પ્રતિનિધિ દ્વારા) સુરત બુધવાર

સુરત શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા અંતર્ગત ચાલી રહેલા મેટ્રો પ્રોજેક્ટનો કોરીડોર લંબાવાયો છે. ભેંસાણથી સારોલીને જોડતો કોરીડોર અંત્રોલી સ્થિત હાઈસ્પીડ રેલ કોરીડોર સુધી લઈ જવા ઝડપથી તજવીજ હાથ ધરાઈ છે. આ માટે દિલ્હીથી મંજૂરી મેળવવા મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાયો છે. આ અંગેની દરખાસ્ત નજીકના દિવસોમાં દિલ્હી મોકલી મંજૂરી મેળવવા કવાયત હાથ ધરાઈ છે.

## મેટ્રો રૂટ એક કિલોમીટર લંબાવી હાઈસ્પીડ રેલ કોરીડોર સાથે જોડી દેવા પ્રોજેક્ટ રિપોર્ટ મંજુરી માટે દિલ્હી મોકલાશે

સુરત સિટીમાં ૧૨૦૦૦ કરોડથી વધુ રકમના ખર્ચે મેટ્રો રેલ દોડાવવા આયોજન થયુ છે. જાન્યુઆરી ૨૦૨૧થી શરૃ થયેલી કામગીરીનો હજી છેડો આવ્યો નથી. બે કોરીડોર, ૩૭ સ્ટેશન અને ૪૦.૩૫ કિલોમીટરની લંબાઈ ધરાવતા આ પ્રોજેક્ટને લઈ અનેક વિસ્તારમાં ધમધમાટ છવાયો છે. સરથાણાથી ડ્રીમસિટી અને ભેંસાણથી સારોલીને જોડતા બે કોરીડોરની કામગીરી આગળ વધી રહી છે. આ પૈકી સારોલી જંકશનને નેશનલ હાઈવે તરફ આગળ લઈ જઈ હાઈસ્પીડ રેલ કોરીડોર (બુલેટ ટ્રેન) સુધી લંબાવવા મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા નિર્ણય લેવાયો છે. આ નિર્ણય સાથે જ તંત્ર દ્વારા વધારાનું સ્ટેશન અને રૃટને લઈ પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરાયો છે. આ અંગે સૌધ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હોય દિલ્હીથી ફાઈનલ મંજૂરી મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ માટે મેટ્રો રેલ કોર્પોરેશનના દ્વારા વિગતવારનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ દિલ્હી રજૂ કરી મંજૂરી મળતાં જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એવું મેટ્રો રેલ ક્રોપોરેશને જણાવ્યું હતું. વધુમાં, સુરત શહેરના ભાવિ વિકાસ અને વસ્તીને ધ્યાનમાં રાખી સારોલીથી અંત્રોલીને જોડતા વધુ એક મેટ્રો સ્ટેશનની જેમ જ ડ્રીમ સિટીથી એરપોર્ટને જોડતા મેટ્રો કોરીડોરનું પણ આયોજન કરવાની નક્કર દિશામાં તંત્ર આગળ વધી રહ્યું હોવાનું ઉમેર્યું હતું.